# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૩/૧૦/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ફાયનાન્સીયલ ઇન્ટેલીજન્સ યુનિટ, ડાયરેકટરેટ ઓફ ઇન્ટેલીજન્સ એન્ડ ક્રિમિનલ ઇન્વેસ્ટીગેશન અને પ્રોજેકટ ઇનસાઇડ કરદાતાની સેવીંગ અને રોકાણની બધી જ માહિતી મેળવશે : ડો. ગિરીશ આહુજા

## ચેમ્બર દ્વારા ‘રિઓપનીંગ ઓફ કેસીસ અન્ડર ધ ઓલ્ડ સેકશન ૧૪૮ રિજીમ’ વિશે ઇન્ટરેકટીવ સેશન યોજાયું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ર ઓકટોબર, ર૦ર૧ના રોજ બપોરે ૩:૪પ કલાકે સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે પ્લેટીનમ હોલમાં ‘ડાયરેકટ ટેકસીસ વીથ સ્પેશિયલ ઇમ્ફાસિસ ઓન રિઓપનીંગ ઓફ કેસીસ અન્ડર ધ ઓલ્ડ સેકશન ૧૪૮ રિજીમ’ વિષય ઉપર ઇન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાત વકતા તરીકે આઇ.સી.એ.આઇ.ના ડાયરેકટ ટેકસ કમિટીના સભ્ય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ડો. ગિરીશ આહુજાએ ઉદ્યોગકારો તથા સીએ પ્રોફેશનલ્સને મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ડો. ગિરીશ આહુજાએ જણાવ્યું હતું કે, સરકાર દ્વારા ત્રણ મહત્વના પ્રોજેકટ ઉપર કામ કરવામાં આવી રહયું છે. જેમાં ફાયનાન્સીયલ ઇન્ટેલીજન્સ યુનિટ, ડાયરેકટરેટ ઓફ ઇન્ટેલીજન્સ એન્ડ ક્રિમિનલ ઇન્વેસ્ટીગેશન અને

પ્રોજેકટ ઇનસાઇડનો સમાવેશ થાય છે. તેમણે ફાયનાન્સીયલ ઇન્ટેલીજન્સ યુનિટ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ યુનિટ કાર્યરત થયા બાદ કરદાતાઓ તેમજ અન્ય લોકોની બધી જ ઇન્ફોર્મેશન ઇન્કમ ટેકસ વિગેરે વિભાગો પાસે પહોંચી જશે. લોકોના જેટલા પણ ફાયનાન્સીયલ ટ્રાન્જેકશન થઇ રહયા છે તેની તમામ વિગતો તેઓની પાસે આવી જશે. આર્ટીફિશિયલ ઇન્ટેલિજન્સ દ્વારા એનાલિસિસ થાય છે. ઇન્કમ ટેકસ વિભાગે પરિવારના દરેક સભ્યોના રિટર્નનો રેકોર્ડ રાખ્યો છે.

ઇન્કમ ટેકસ વિભાગ દ્વારા સેકશન ૧૪૮ ને હટાવીને સેકશન ૧૪૮ A નાંખી દેવામાં આવ્યો છે. જેમાં રિસ્ક મેનેજમેન્ટ સ્ટ્રેટેજીથી વિભાગને ઇન્ફોર્મેશન મળી રહેશે. સરકારના જુદા–જુદા વિભાગો પાસે ઉદ્યોગપતિઓ અને સામાન્ય કરદાતાઓની બધી જ માહિતી છે. આથી રિટર્ન ભરતી વખતે ખૂબ જ કાળજી રાખવા માટે તેમણે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ તેમજ ઉદ્યોગપતિઓ અને ઉદ્યોગ સાહસિકોને અનુરોધ કર્યો હતો. સરચાર્જ વધારાને કારણે ઉદ્યોગપતિઓની મુશ્કેલી વધી છે. પરંતુ, ઉદ્યોગપતિઓ હોય કે પ્રોફેશનલ હોય કે સામાન્ય કરદાતા તેઓ કયા – કયાં ફરવા જાય છે અને કેટલું ટ્રાન્જેકશન કરે છે તેની બધી જ વિગતો વિભાગો પાસે છે. આથી ‘પે ટેકસ એન્ડ એન્જોય લાઇફ’નો સંદેશ તેમણે બધાને આપ્યો હતો.

આ ઇન્ટરેકટીવ સેશનમાં ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરના ગૃપ ચેરમેન અનુજ જરીવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. સમગ્ર સેશનનું સંચાલન ચેમ્બરની ઇન્કમ ટેકસ કમિટીના ચેરમેન પ્રગ્નેશ જગાશેઠે કર્યું હતું. કમિટીના સભ્ય હરીશંકર તોશનીવાલે વકતાનો પરિચય આપ્યો હતો. સેશનમાં ડો. ગિરીશ આહુજાએ ઉદ્યોગકારો અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સના સવાલોના જવાબ આપ્યા હતા. અંતે ચેમ્બરના ઉપપ્રમુખ હિમાંશુ બોડાવાલાએ સર્વેનો આભાર માન્યો હતો અને સેશનનું સમાપન કર્યું હતું.